# બેંકના લેણામાટે હરાજી થયેલ જમીન રીગ્રાન્ટ કરી આપવા બાબત

સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૯-૧-૮૧ ના પરિપત્ર ક્રમાંકઃ ૨૨૭૮/૪૧૫૯૫/લ થી જોગવાઇ કર્યા મુજબ સરકારી લેણા પેટે હરાજીમાં સરકાર તરફ ખરીદાયેલી જમીન જે તે માલિકને રીગ્રાન્ટ કરવા બાબત જોગવાઇ કરેલ છે. તે મુજબ હરાજીમાં સરકાર તરફ ખરીદાયેલ જમીન બાકી રકમની વ્યાજ સાથે જયારે વસુલાત થઇ જાય તે જ વખતે અન્ય વસુલાત જેવી કે હરાજીમાં સરકારને થયેલ ખર્ચની રકમ સરકારને જમીન મહેસૂલની કોઇ ખોટ ગયેલ હોય તો તે ખોટની રકમ અને ચોથાઇ દંડની રકમ ભરી દેવા અરજદારને સમજુતી આપવાની થાય અને લેખિત પણ જાણ કરવાની થાય છે અને આ રકમો ભરપાઇ કર્યેથી તેમની જમીન તેઓને રીગ્રાન્ટ કરવા કાર્યવાહી થઇ શકશે અને તેમ પણ અરજદારને લેખિતમાં જાણ કરવાની જોગવાઇ છે.